# રેલ ભાડું ઓક્ટોબરમાં વધશે

નવી દિલ્હી,તા. ૨૩

રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલે આજે સંકેત આપ્યો હતો કે યાત્રી ભાડામાં ફરી એકવાર ઓક્ટોબરમાં વધારો કરવામાં આવી શકે છે. ચારેબાજુ મોંઘવારી ચરમસીમા પર છે ત્યારે યાત્રી ભાડામાં વધારો કરવાની હિલચાલને લઈને ભારે ખળભળાટ મચી ગયો છે.

મીડિયા અહેવાલમાં જણાવાયુ છે કે રેલવે મંત્રી પવનકુમાર બંસલ સ્પષ્ટતા કરી ચુક્યા છે કે નજીકના ભવિષ્યમાં ભાડામાં કોઈ પણ વધારો કરવામાં આવશે નહીં. સાથે સાથે રિઝર્વેશન અથવા કેન્સલેશન ચાર્જમાં પણ નજીકના ભવિષ્યમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં પરંતુ રેલવે બોર્ડના ચેરમેનના નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો છે અને ભાવ વધારાના સંકેત મળવા લાગી ગયા છે. અલબત્ત નૂરથી યાત્રી વર્ગમાં સબસીડીનો આંકડો ૨૫૦૦૦ કરોડની આસપાસ પહોંચી ગયો છે. તેઓ ઓપરેટિંગ રેશિયો વર્તમાન ૮૮.૮ ટકાથી ઘટાડીને ૮૦ ટકા સુધી લાવવાની યોજના ધરાવે છે. સંશાધનોના ઉપયોગની અસરકારકતાને સુધારવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત રેલવે સર્વિસના વિસ્તરણ માટે પણ યોજના તૈયાર થઈ રહી છે. રેલવે બજેટ ૨૦૧૩-૧૪ ઉપર રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતા તેમણે કહ્યુ હતુકે ૨૧મી જાન્યુઆરીના દિવસે અમલી બનાવવામાં આવેલા ભાડામાં વધારાની બાબત યોગ્ય છે. સાથે સાથે ૧૨ વર્ષના લાંબા



ગાળા બાદ ભાડામાં વધારો કરવામાં આવ્યો છે.

સરકારે અગાઉ જાન્યુઆરી મહિનામાં ભાડામાં વધારો ઝિંક્યો હતો. તત્કાલિન ભાડા વધારા મુજબ ઓર્ડિનારી સેકન્ડ ક્લાસ(ઉપનગરિય) ટ્રેનોના ભાડા પ્રતિકિલોમીટર બે પૈસા વધી ગયા છે. જ્યારે બિનઉપનગરિય પ્રવાસ માટે પ્રતિકિલોમીટર ત્રણ પૈસાનો વધારો કરવામાં આવી ચુક્યો છે. સેકન્ડ ક્લાસ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં પ્રવાસ કરનાર લોકોને પ્રતિકિલોમીટર ચાર પૈસા વધારે ચૂકવવા પડશે. સ્લીપર ક્લાસમાં આ વધારો છ પૈસા સુધી હતો જેને લઈને લોકોમાં નારાજગી રહી હતી પરંતુ યાત્રી ભાડામાં લાંબા ગાળા બાદ વધારો અમલી બનાવવામાં આવ્યો હતો.

## સલમાન, સૈફ, તબ્બુ સામે નવેસરથી આરોપો ઘડાયા

જોધપુર,તા. ૨૩

બોલિવૂડના સ્ટાર અભિનેતા સંજય દત્તને સુપ્રીમ કોર્ટે હાલમાં જ પાંચ વર્ષની સજા ફટકાર્યા બાદ આજે જોધપુરની એક અદાલતે ૧૪ વર્ષ જૂના કાળિયાર શિકાર કેસમાં અભિનેતા સૈફ અલી ખાન, અભિનેત્રી તબ્બુ, સોનાલી બેન્દ્રે અને નિલમ સામે પણ નવેસરના આરોપો ઘડ્યા હતા. રાજસ્થાનમાં ફિલ્મના શૂટિંગ દરમિયાન કાળિયાર શિકારનો મામલો બન્યો હતો. સલમાન ખાન આજે કોર્ટમાં ઉપસ્થિત રહી શક્યો ન હતો. અન્ય તમામ ચારે કલાકારોએ કોર્ટમાં આરોપોને નકારી કાઢ્યા હતા. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે જો આ તમામ અપરાધી જાહેર થશે તો તેમને પણ છ-છ વર્ષની જેલની સજાનો સામનો કરવો પડશે. આગામી સુનાવણી ૨૭મી એપ્રિલના દિવસે હાથ ધરનાર છે. રાજસ્થાન હાઈકોર્ટે ડિસેમ્બર ૨૦૧૨માં આ કલાકારો સામે આરોપોમાં સુધારો કર્યો હતો. ખાન ઉપર વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટની કલમ ૫૧ સાથે આક્ષેપો મૂક્યા હતા જ્યારે અન્યો ઉપર જુદી જુદી કલબો લગાવવામાં આવી હતી. તમામ કલાકારોની સમસ્યા વધી ગઈ છે. વર્ષ



૧૯૯૮ના શિકાર કેસના સંબંધમાં સલમાન ખાનની સાથે સાથે અન્ય કલાકારો પણ ફસાયેલા છે. ૧૪ વર્ષ અગાઉ ફિલ્મ હમ સાથ સાથ હૈના શૂટિંગ દરમિયાન શિકાર કેસનો મામલો બન્યો હતો. પાંચે કલાકારોએ જોધપુર નજીકના ગામમાં કાળિયારનો શિકાર કર્યો હતો. આ કેસ ત્યારબાદ દાખલ કરવામાં આવ્યો હતો. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ કાળિયાર એક સરક્ષિત પ્રાણી તરીકે છે અને તેના શિકારને ભારતીય કાયદા હેઠળ ગુના હેઠળ ગણવામાં આવે છે. સલમાન ખાન પણ આમા ફસાયેલો છે. સુનાવણી વેળા સલમાન ખાન ઉપસ્થિત રહ્યો ન હતો પરંતુ અન્ય કલાકારો હાજર રહ્યા હતા. સલમાન હાજર હાલ સારવારના હેતુસર અમેરિકામાં છે. રાજસ્થાન હાઈકોર્ટે ડિસેમ્બર ૨૦૧૨માં આ કલાકારો સામે આરોપોમાં સુધારો કર્યો હતો. સુધારેલા આરોપો સૈફ, નિલમ, તબ્બુ અને સોનાલી સામે ઘડવામાં આવ્યા છે. સલમાન સામે સલમાન સામે આરોપો ઘડ્યા હતા. જ્યારે સૈફ, તબ્બુ, સોનાલી, નિલમ અને દુશ્યત સામે વાઈલ્ડ લાઈફ એક્ટ માટે સલમાનને મુક્ત કર્યો હતો. જ્યારે આઈપીસીની કલમ ૧૪૮માંથી અન્યોને મુક્ત કરાયા સુધારવામાં આવેલા આરોપો હજુ ઘડવામાં આવ્યા નથી. અગાઉ ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૬ના દિવસે નીચલી અદાલતે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ કલમ ૫૧, આર્મ એક્ટની કલમ ૨૭ અને આઈપીસીની કલમ ૧૪૮ હેઠળ પ્રોટેક્શન એક્ટની કલમ ૫૧ અને ૫૨ હેઠળ તેમજ આઈપીસીની કલમ ૧૪૭ અને ૧૪૯ હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. આરોપીઓએ ત્યારબાદ સેશન કોર્ટમાં સુધારા અરજી દાખલ કરી હતી. સેશન કોર્ટે કલમ ૨૭ આમ્સ હતા. હાઈકોર્ટમાં ત્યારબાદ રાજ્ય સરકારે સુધારા અરજી કરી હતી. આ સુધારા અરજી બાદ હાઈકોર્ટે સલમાનના કેસમાં સેશન કોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો પરંતુ અન્યો સામે આઈપીસીની કલમ ૧૪૯ ઉમેરવામાં આવી હતી.

### હીટ એન્ડ રન કેસ : સોમવારે સલમાન ખાન ઉપસ્થિત થશે

નવી દિલ્હી,તા. ૨૩

બોલિવુડ સ્ટાર સલમાન ખાન હિટ એન્ડ રન કેસના મામલામાં ૨૫મી માર્ચના દિવસે સેશન કોર્ટમાં વ્યક્તિગતરીતે ઉપસ્થિત થઈ શકે છે. સુપરસ્ટાર સાથે સંકળાયેલા નજીકના સુત્રોનું કહેવું છે કે સલમાન ખાન આજે મોડી રાત્રે અમેરિકાથી પરત ફરશે અને સોમવારના દિવસે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ શકે છે. મેજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા મામલાના સ્થાનાંતરણ બાદ પહેલી વખત સત્ર અદાલતમાં આ મામલો હાથ ધરવામાં આવશે. મેજિસ્ટ્રેટની કોર્ટે અભિનેતા પર કોઈ પણ ઈરાદા વગર હત્યાનો મામલો કહ્યો હતો. સલમાનની સામે પણ મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. જસ્ટિસ યુબી હૈજાદે સુનાવણીની તારીખ ૨૫મી માર્ચ નક્કી કરી છે જેથી સલમાન ખાન કોર્ટમાં ઉપસ્થિત રહી શકે. બાંદ્રાના મેજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા આ મામલાને સત્ર ન્યાયાલયમાં ખસેડવામાં આવ્યો હતો. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદ્રામાં એક બેકરીની બહાર ફુટપાટ પર ઉંઘી રહેલા લોકો પર સલમાન પોતાની લેન્ડ ક્રુઝર ફેરવી કાઢી હતી જેમાં એક વ્યક્તિનું મોત થયુ હતુ અને અન્ય ચાર ઘાયલ થયા હતા. આ મામલામાં મહત્તમ બે વર્ષની સજા થઈ શકે છે. ૧૭ સાક્ષીઓની ચકાસણી બાદ મેજિસ્ટ્રેટ એવા તારણ પર પહોંચ્યા હતા કે સલમાને જાણી જોઈને ગાડી ઉંઘી ગયેલા લોકો પર ફેરવી દીધી ન હતી.

## શ્રીનિવાસનની કુલ ૧૧ કાર સીબીઆઈએ કબજે કરતા ચકચાર

ચેન્નાઈ,તા. ૨૩

હાલમાં દરોડાની ચાલી રહેલી કાર્યવાહીના ભાગરૂપે સીબીઆઈએ બીસીસીઆઈના વડા એન ભંગના સંબંધમાં આ વાહનો કબજે કરવામાં આવ્યા છે.

જુદા જુદા પ્રભાવશાળી વ્યક્તિઓને આ કિંમતી કાર વેચવામાં



શ્રીનિવાસનની ૧૧ કાર કબજે કરી લીધી છે. અહેવાલ મુજબ શ્રીનિવાસન હવે વધુ મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. ઈન્ડિયા સીમેન્ટના પ્રમોટર તરીકે રહેલા શ્રીનિવાસન અંગે જણાવાયું છે કે તેઓ આ તમામ આયાત કરવામાં આવેલી કિંમતી કારના મામલે કરચોરી કરી છે. સીબીઆઈએ હૈદરાબાદ સ્થિત બિઝનેસમેન દ્વારા આયાત કરવામાં આવેલી ૧૬ વધુ લકઝરી કાર કબજે કરી લીધી છે. કસ્ટમના કાયદાઓના આવી હતી. ડીએમકેના નેતા એમ કે સ્ટાલીંનના નામ ઉપર પણ એક કાર નોંધાયેલી છે જેની ભાળ હજુ મળી નથી. સીબીઆઈની ટીમ દ્વારા સ્ટાલીનના આવાસ ઉપર ઊંડી તપાસ આવી ચૂકી છે. તેમના આવાસ ઉપર હાલમાં જ દરોડા પણ પાડવામાં આવ્યા હતા. જાણકાર સૂત્રોનું કહેવું છે કે આવનાર દિવસો શ્રીનિવાસન માટે વધુ મુશ્કેલીરૂપ હોઈ શકે છે. કારણ કે કબજે કરવામાં આવેલી ૧૧ કારના સંબંધમાં પૂછપરછ પણ કરવામાં આવી શકે છે.

## સચિન તેંદુલકરના નામની આગળ હવે 'સર' લાગશે

નવી દિલ્હી, તા.૨૩

ક્રિકેટના ભગવાન ગણાતાં સચિન તેંદુલકરના નામ આગળ હવે 'સર' લાગશે. બ્રિટન સરકારે સચિનને 'સર'ની ઉપાધિ આપવાની અરજી મંજૂરી કરી દીધી છે. ભારતના એક રમત પ્રેમી એસ એસ ડોગરાએ ગત વર્ષ ૧૩ એપ્રિલે બ્રિટનની મહારાણી એલીઝાબેથ દ્વિતીયને પત્ર લખીને સચિન તેંદુલકરને 'સર'નું બહુમાન આપવાનો આગ્રહ કર્યો હતો. ડોગરાના આ આગ્રહને પછી બ્રિટનના વિદેશ અને કોમનવેલ્થ કાર્યાલયને મોકલવામાં આવ્યો હતો. આ કાર્યાલયે ડોગરાને અરજીનો પ્રત્યુત્તર પાઠવતાં કહ્યું હતું કે, તેની સચિનને સરનું બહુમાન આપવા માટેની અરજી સ્વીકાર કરી લેવાઈ છે. જેના પર વિચારણા કરવામાં આવશે. ડોગરાએ જ્યારે પોતાનો પત્ર મોકલ્યો હતો ત્યારે વિદેશ અને કોમનવેલ્થે ડોગરાને અરજી મોકલવાનો આગ્રહ કર્યો હતો. ત્યારબાદ તેણે પોતાનો આગ્રહ આ કાર્યાલય પ્રમુખ જુડીથ અસરને મોકલ્યો હતો. જુડીથ અસરે આ અરજીને સ્વીકારી લીધી છે. પરંતુ ક્રિકેટ માટે અભૂતપૂર્વ યોગદાન આપનાર સચિનને 'સર'નું બહુમાન મળશે કે નહીં તે ભવિષ્યમાં જાણ થઈ જશે.

અત્રેએ ઉલ્લેખનીય છે કે, ક્રિકેટમાં માસ્ટર બ્લાસ્ટર તરીકે જાણીતા સચિન તેંદુલકર મોટાભાગના વિક્રમો પોતાના નામ પર ધરાવે છે. સચિન તેન્ડુલકર ક્રિકેટના ઈતિહાસમાં અનેક રેકોર્ડ પોતાના નામ પર ધરાવે છે. આવી સ્થિતિમાં તે પોતાની યશકલગીમાં વધુ એક મોરપીંછુ ઉમેરવા જઈ રહ્યો છે. સચિન તેન્ડુલકર ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં મોટા ભાગના રેકોર્ડ પોતાના નામ પર કરી ચુક્યો છે. ટેસ્ટ અને વનડેમાં સૌથી વધુ સદીનો અને રનનો રેકોર્ડ તેના નામ પર છે. સરની ઉપાધી ઘણા પૂર્વ ખેલાડીઓને મળેલી છે. જેમાં સર ડોન બ્રેડમેન અને સર રિચર્ડ હેડલી, સર વિવિયન રિચર્ડસનો સમાવેશ થાય છે.

## મોંઘવારી અને ભ્રષ્ટાચાર માટે કોંગ્રેસની સરકારને જવાબદાર ઠેરવતા મુલાયમ

લખનૌ, તા.૨૩

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી (સપા)ના સુપ્રીમો મુલાયમસિંહના રાજકીય સ્વભાવ અને વલણથી રાજકીય નેતાઓ અને કાર્યકરો પરિચિત જ છે. મુલાયમ સિંહે આજે ભાજપના પીઢ નેતા અને પૂર્વનાયબ વડાપ્રધાન એલ કે એડવાણીની જાહેરમાં પ્રશંસા કરીને રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા હતા. રામમનોહર લોહિયાની જન્મજયંતીના પ્રસંગે જાહેરમાં અડવાણીની પ્રશંસા કરતાં મુલાયમે કહ્યું હતું કે, અડવાણી ક્યારેય ખોટું કે જૂઠું બોલતા નથી. જ્યારે વધતી જતી મોંઘવારી અને ભ્રષ્ટાચાર માટે કોંગ્રેસની સરકારને જવાબદાર ઠેરવતા મુલાયમે આકરા શાબ્દિક પ્રહારો કોંગ્રેસ પર કર્યા હતા. ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં સમાજવાદી ચિંતક ડૉ.રામમનોહર લોહિયાની ૧૦૩મી જન્મજયંતીના



પ્રસંગે કાર્યકરોને સંબોધિત કરતાં મુલાયમે કહ્યું હતું કે, અડવાણી ભાજપના વરિષ્ઠ નેતા છે. તમામ મુદ્દાઓ પર તેમની સલાહ સ્પષ્ટ હોય છે. તેઓ ક્યારેય જુઠું બોલતા નથી. અડવાણીને ઘણી વખત મળ્યો છું મને એ વાતનો અહેસાસ છે કે તેઓ ક્યારેય જૂઠું બોલતા નથી. રાજ્યની કાયદો-વ્યવસ્થાની સ્થિતિની ચર્ચા કરતાં મુલાયમે કહ્યું હતું કે, વિપક્ષો દ્વારા અહીંની સ્થિતિને વધારી-ચડાવીને રજૂ કરાય છે. ઉત્તરપ્રદેશથી વધારે ગુના તો દિલ્હીમાં થાય છે. પરંતુ ત્યાં કોઈ કાર્યવાહી કરાતી નથી કે કોઈનું રાજીનામું પણ માંગવામાં આવતું નથી. લોકસભાની ચૂંટણી માટે કાર્યકરોને તૈયાર રહેવાની હાકલ કરતાં મુલાયમે મોંઘવારી અને ભ્રષ્ટાચાર માટે કોંગ્રેસને જવાબદાર ઠેરાવી હતી. આમ, મુલાયમે ફરી એક વખત રાજકીય વલણ બદલી લોકોને ચોંકાવી દીધા હતા. મુલાયમસિંહે અખિલેશની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે બિનઅસરકારક પ્રધાનોના સંબંધમાં અને કાયદો અને વ્યવસ્થાના મામલે પુત્ર અખિલેશને પણ વધુ સારા પગલા લેવાની જરૂર છે તેવો સંકેત આપ્યો હતો. ખુશામત ખોરોનો મુદ્દો મુલાસમસિંહે ઉઠાવ્યો હતો. મુલાયમે ઉત્તર પ્રદેશના પ્રધાનોને પણ સલાહ આપી હતી અને કહ્યુ હતુ કે પ્રધાનોને એવું લાગે છે કે તેમના અંગે તેમની પાસે માહિતી નથી. તેમને તમામની માહિતી મળતી રહે છે. હોદ્દા મળ્યા બાદ સારા કામ માટે અને લોકોની ફરિયાદોને દૂર કરવામાં આવે આનો ઉપયોગ કરવામાં આવે તેવી સલાહ આપી હતી. લોકસભાની ચૂંટણી નજીક હોવાથી સપાની ઉપલબ્ધિ લોકો સુધી પહોંચે તે જરૂરી છે.

## બાંગ્લાદેશમાં કુદરતી આફત

ઢાકા,તા.૨૩

બાંગ્લાદેશમાં શુક્રવાર સાંજે તબાહી મચાવનાર તોફાનને કારણે દસ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

આ તોફાન બાંગ્લદેશના પૂર્વીય વિસ્તાર એવા બ્રાહ્મણબરીયા જિલ્લામાં આવ્યું હતું. સમાચાર એજન્સી સિન્હુઆના જણાવ્યા મુજબ જિલ્લાના મુખ્ય કાર્યકારી અધિકારી નૂર મહોમ્મદ મજમુદારે કહ્યું છે કે, તોફાનને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે તબાહી મચી ગઈ છે. સમગ્ર જનજીવન અને વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. તોફાનને કારણે સેંકડો મકાનો, વૃક્ષો અને વીજળી થાંભલા ધરાશાયી થઈ ગયા છે સાથે સાથે ચાર ઉપજિલ્લાઓમાં ખેતીવાડીને પણ ભારે નુકસાન થયું છે. ખેતરોમાં ઉગેલા તૈયાર પાક નષ્ટ થઈ ગયા છે. સમગ્ર જનજીવન તોફાનને કારણે પ્રભાવિત બન્યું છે. સમગ્ર પ્રશાસનને હાઈએલર્ટ પર મૂકી દેવામાં આવ્યું હતું અને સુરક્ષા વિષયક પગલા ભરવામાં આવ્યા હતાં. અધિકારીના જણાવ્યા મુજબ સમગ્ર પ્રશાસન બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ ગયું છે. કેટલીક મિનિટો સુધી ચાલેલા તોફાનની ઝડપ ૭૦ કિલોમીટર પ્રતિકલાક કરતા વધારેની હતી અને તોફાનની સાથે સાથે ભારે તેજ પવન અને કરા પડ્યા હતાં.

## સમાચાર ઝલક

- પાકિસ્તાનમાં મુશર્રફને જામીન મળતાં પાકિસ્તાન આવશે.
- લખનૌમાં વિમાની મથકે અભિનેતા સૈફઅલીખાનને વિમાની કર્મચારીઓ સાથે જીભાજોડી થઇ.
- ગઢડામાં હનુમાનજીનાં મહંતની હત્યા.
- રેલ્વે ભાડું ઓક્ટોબરથી વધવાની શક્યતા, રેલ્વે બોર્ડનાં સંકેતો.
- રામેશ્વરમાં માછીમારોની શ્રીલંકાએ ધરપકડ કરતાં હડતાળ પર દરરોજનું કરોડોનું નુકસાન.
- દિલ્હીમાં પાણી-વીજળીના ભાવ વધારા અંગે શ્રી અરવિંદ કેજરીવાલના અનશન.
- આજે દુનિયામાં મોટા શહેરોમાં અર્થ અવર મનાવાશે. વીજળી બંધ રાખીને ઝુંબેશ વેગવંતી બનાવશે.
- પાકિસ્તાનની જેલમાં ૬૨૦ ભારતીયો કેદી તરીકે સબડે છે.
- સાણંદમાં તબીબે ઓપરેશન સમયે યુવતી છેડતી કરી હોય તો પોલીસ ફરિયાદ નોંધાઇ.
- રાજકોટમાં દલિતો પર પોલીસ અત્યાચાર સામે હાઇકોર્ટનું કડક વલણ, પોલીસ અધિકારીનો વ્યક્તિગત દંડ.
- વલસાડ નગરપાલિકા ચીફ ઓફીસરને માહિની એક્ટ પ્રમાણે રૂા. ૨૫૦૦૦નો દંડ, માહિતી ન આપવા બાબતે કડક નિર્ણય.
- સૂરતના વેડ વિસ્તારમાં ધોરણ-૫ની માસૂમ પર શિક્ષકનાં અડપલાંથી વાલીઓમાં રોષ.

## હવે સસ્તા અને પ્લાસ્ટિક બોડીમાં એપલ આઈફોન

નવી દિલ્હી,તા. ૨૩

એપલ આઈફોન-૫ પ્લાસ્ટિક બોડીમાં જૂન-જુલાઈમાં લોન્ચ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટિક બોડીમાં ઉપલબ્ધ સસ્તા આઈફોન સ્ટાન્ડર્ડ એપલ સ્માર્ટ ફોનની કિંમત કરતા અડધી કિંમતમાં ઉપલબ્ધ રહેશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવુ છે કે સસ્તા આઈફોનનું નિર્માણ જૂન મહિનામાં શરૂ કરી દેવામાં આવશે. આરબીસી કેપિટલ માર્કેટ અથવા અન્ય નિષ્ણાંતોએ કહ્યુ છે કે એપલ સસ્તા ફોન યોજના પૂર્વક લોન્ચ કરનાર છે. આ વર્ષે જૂન-જુલાઈમાં આઈફોન-૫ એસ લોન્ચ કરવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે બજેટ ફોનની કિંમત ૩૩૦ ડોલરની આસપાસ રાખવામાં આવશે. યુવા લોકો, મિડલક્લાસના ગ્રાહકોને આનાથી આકર્ષિત કરી શકાશે. ચીન અને ભારત જેવા દેશોમાં યુવા અને મિડલક્લાસ મોટી સંખ્યામાં છે. આ લોકોને પ્રભાવિત કરવામાં હેતુસર સસ્તા ફોન લાવવામાં આવી રહ્યા છે.

## નક્સલ વિરોધી ઓપરેશનને વધુ સઘન બનાવવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૩

નક્સલવાદ વિરોધી ઓપરેશનને વધુ તીવ્ર બનાવવાના હેતુસર સરકારે કમરકસી લીધી છે. આના ભાગરૂપે આઈએએફ છત્તીસગઢ અને મધ્યપ્રદેસના નક્સલવાદગ્રસ્ત રાજ્યોની જરૂરિયાતોને પહોંચી વળવા નાગપુરમાં અતિઆધુનિક એમઆઈ-૧૭ વી-૫ હેલિકોપ્ટર ગોઠવશે. નક્સલવાદ વિરોધી ઓપરેશન માટે એમઆઈ-૧૭વી-૫ હેલિકોપ્ટરો ગઠવવાની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. આ અતિ આધુનિક હેલિકોપ્ટરો આઈએએફમાં એમઆઈ-૧૭ની પ્રવર્તમાન ઉપસ્થિતિની સુધારવામાં આવેલી આવૃત્તિ છે. આમા અતિ આધુનિક નેવિગેશન સિસ્ટમ છે જે નક્સલવાદગ્રસ્ત વિસ્તારોમાં દિવસમાં અને રાત્રે બંને જગ્યાઓએ અસરકારકરીતે કામ કરી શકે છે. આ હેલિકોપ્ટરો છત્તીસગઢ અને મધ્યપ્રદેશની જરૂરિયાતોને પહોંચીવાળવા નાગપુરમાં રાખવામાં આવશે.

ઈન્ડિયન એરફોર્સના સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. હજુ સુધી આઈએએફ દ્વારા ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં તેના હેલિકોપ્ટરો ગોઠવવામાં આવ્યા છે આ ઉપરાંત છત્તીસગઢમાં જગદલપુર ખાતે નક્સલવાદ વિરોધી ઓપરેશન માટે આ હેલિકોપ્ટરો ગોઠવવામાં આવ્યા છે. આઈએએફ દ્વારા વર્ષ ૨૦૦૯ બાદથી લેફ્ટવિંગ બંડખોરોગ્રસ્ત રાજ્યોમાં તૈનાત સીઆરપીએફ તરફથી સૈનિકોને મદદરૂપ બનાવાના પણ પ્રયાસો કરાઈ રહ્યા છે. નક્સલવાદ વિરોધી ઓપરેશન દરમિયાન સૈનિકોને ગોઠવવા અને સૈનિકોને ખસેડવા આ હેલિકોપ્ટરોનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ હેલિકોપ્ટરો તીવ્ર વન્ય વિસ્તારમાં પણ કામ કરી શકે છે. કામ ચલાઉ હેલિપેડથી પણ આ હેલિકોપ્ટરો ઓપરેટ થઈ શકે છે. આમાં રાત્રે સારી રીતે જોઈ શકાય તે માટેના સાધનો ગોઠવાયેલા છે. છત્તીસગઢ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ જેવા પાંચ રાજ્યોમાં નક્સલવાદ વિરોધી ઓપરેશનમાં હવાઈ સહાયતા આઈએએફ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

## સેબી-સહારા કેસ ૨૬મી માર્ચે વધુ સુનાવણી કરાશે

નવી દિલ્હી,તા. ૨૩

સિક્યુરીટી એપલેટ ટ્રિબ્યુનલ સહારા ગ્રુપના વડા સુબ્રતો રોયની અરજી પર ૨૬મી માર્ચના દિવસે સુનાવણી હાથ ધરશે. તેમના બેંક ખાતાઓ અને અન્ય સંપત્તિ જપ્ત કરવાના સેબીના આદેશ સામે સુબ્રતો રોય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણીને લઈને કારોબારીઓની નજર પણ કેન્દ્રિય થઈ ગઈ છે. તેમની બે કંપનીઓ અને ટોચના કારોબારીઓ સામે પણ કાર્યવાહી કરવાની વાત કરવામાં આવી હતી. આ મામલો બે સહારાની કંપનીઓ દ્વારા ઉભા કરવામાં આવેલા રોકાણકારોના ૨૪૦૦૦ કરોડથી વધુ રકમના રિફન્ડ ઓર્ડર સાથે સંબંધિત છે. સહારા ઈન્ડિયા રિયલ એસ્ટેટ અને સાહારા હાઉસિંગ ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડ દ્વારા રોકાણકારોના જંગી નાણાં એકત્રિત કરવામાં આવ્યા હતા. રિફંડ માટે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદા પૂરી થઈ ગયા બાદ સેબીએ ગયા મહિને આ બે કંપનીઓ અને તેમના ટોચના કારોબારીઓ સામે સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

## ચોથી ટેસ્ટ રોચક તબક્કામાં પ્રવેશી : હવે બંને ટીમોને તક

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન ઉપર રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી અને અંતિમ દિવસના બીજા દિવસે આજે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૨૬૨ રન ઓલ આઉટના જવાબમાં ભારતે પણ નિરાશાજનક બેટિંગ કરીને આઠ વિકેટે ૨૬૬ રન કર્યા હતા. ભારત હવે ઓસ્ટ્રેલિયા ઉપર ચાર રનની લીડ ધરાવે છે અને તેની બે વિકેટ હાથમાં છે તે જોતા આ ટેસ્ટ મેચ હવે અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે. બને ટીમોને આ ટેસ્ટ મેચમાં જીત મેળવવાની તક રહેલી છે. આવતીકાલે ત્રીજા દિવસની રમત બંને ટીમો માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. એક બાજુ ઓસ્ટ્રેલિયા ભારત પર જંગી લીડ મેળવવા પ્રયાસ કરશે. બીજીબાજુ ભારત ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને બીજી ઈનિંગ્સમાં વહેલીતકે પવેલિયન ભેગા કરવા પ્રયાસ કરશે. આજે ભારતે પ્રથમ ઈનિંગ્સમાં સારી શરૂઆત કર્યા બાદ નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી. સચિન ૩૨ રન કરી આઉટ થયો હતો. જ્યારે મુરલી વિજય ૫૭ અને પુજારા ૫૨ રન કરી આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી લિયોને ૯૪ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી.

અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ કોઈપણ સંઘર્ષ કર્યા વિના ૨૬૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ફરી એકવાર અશ્વિને જોરદાર તરખાટ મચાવી ૫૭ આપી પાંચ વિકેટ ઝડપી હતી. સમગ્ર શ્રેણી દરમિયાન અશ્વિનની બોલિંગથી ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો ભારે પરેશાન રહ્યા છે. આજે બાકીની વિકેટો ઓસ્ટ્રેલિયાએ પ્રથમ સેશનમાં જ ગુમાવી દીધી હતી. પિટલ સ્વીડને ૫૧ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો જ્યારે પેટીન્સને ૩૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી અશ્વિન ઉપરાંત ઈશાંતે બે અને જાડેજાએ પણ બે વિકેટ ઝડપી હતી. ભારત તરફથી શિખર ધવનની જગ્યાએ ટીમમાં આવેલા રહાણેને ઓપનીંગમાં મોકલવાના બદલે તેને મિડલ ઓર્ડરમાં મોકલવાનો નિર્ણય કરાયો હતો. ભારતની ઈનિંગ્સની શરૂઆત મુરલી વિજય અને ચેતેશ્વર પુજારા દ્વારા કરવામાં આવી હતી. મુરલી વિજય હાલમાં ખૂબ સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં પહેલાથી જ ત્રણ ટેસ્ટ મેચો હારી ચૂકી છે.